# રાજ્યમાં કોરોનાના અધધધ... નવા ૩૫૭૫ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૨ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૩૦૫૧૪૯ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૮૨૩ કેસ

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૩૫૭૫ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૩૫૭૫ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૨૧૭ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૦૫,૧૪૯ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૨.૯૦ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૭૧,૮૬,૬૧૩ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૮,૭૪,૬૭૭ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઇ ચુકી છે. આ પ્રકારે કુલ ૮૦,૬૧,૨૯૦ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૧,૪૮,૧૧૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૨૦,૬૫૬ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧૮,૬૮૪ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૧૭૫ લોકો વેન્ટિલેટર પર છે અને ૧૮,૫૦૯ લોકો સ્ટેબલ છે. ૩,૦૫,૧૪૯ લોકોને ડિસ્ચાર્જ અપાઇ ચુક્યું છે. ૪૬૨૦ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે ૨૨ લોકોનાં દુખદ નિધન થયા છે. સુરતમાં ૧૦, અમદાવાદમાં ૬, બનાસકાંઠામાં ૧, ભાવનગરમાં ૧, મહીસાગરમાં ૧, મહેસાણામાં ૧, પંચમહાલમાં ૧ અને વડોદરામાં ૧ આ પ્રકારે કુલ ૨૨ લોકોનાં મોત નિપજ્યાં છે.

## મિશન મંગલમ્‌માં ટોચ સુધી ભ્રષ્ટાચારનો રેલો, બાયડના ટી.એલ.એમ.ની બદલી કરી સંતોષ

### યોજનામાં લાખોનું કૌભાંડ દબાવી દેવાના દાવપેચ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

મિશન મંગલમ્ યોજનામાં બાયડ તાલુકા પંચાયત કચેરીમાં અનહદ ભ્રષ્ટાચાર આદર્યાની વિગતો એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી ટોચ સુધી ભ્રષ્ટાચારનો રેલો પહોંચતાં બાયડના ટી.એલ.એમ.ની મેઘરજ બદલી કરવામાં આવી છે. એક રીતે યોજનામાં લાખોનું કૌભાંડ દબાવી દેવાના દાવપેચ શરૂ થયા છે પરંતુ રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તમામ તાલુકામાં થયેલી ખરીદી, રજૂ કરવામાં આવેલા બીલ વગેરેની તપાસ થાય તો અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

કૌભાંડથી ખદબદતી બાયડ તાલુકા પંચાયત કચેરીમાં તાજેતરમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે. ભાજપની ભારે બહુમતી હોવાથી સ્વચ્છ અને પારદર્શક વહીવટની પ્રજા આશા રાખીને બેઠી છે. ગત વર્ષે કોરોના ડોકાયો ત્યારથી બાયડ તાલુકા પંચાયત કચેરીમાં મિશન મંગલમ્ યોજનામાં મોટાપાયે ખોટું થયું છે. જે કંઈ બીલ રજૂ કરવામાં આવ્યાં તેમાં મોટાપાયે ધુપ્પલ થયેલું છે. જ્યારે સખીમંડળોને પણ રીતસરના છેતરવામાં આવ્યા છે. આ તમામ બાબતોની તપાસ કરવાના બદલે બાયડ ટી.ડી.ઓ. દ્વારા માત્ર નોટિસ આપીને મિશન મંગલમ્ યોજનાના ટી.એલ.એમ.નો ખુલાસો પૂછવામાં આવ્યો. ત્યારબાદ એકાએક ટી.એલ.એમ.ની અન્ય તાલુકામાં બદલી કરી દઈ ભ્રષ્ટાચારની આગને ઠારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ મામલે અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીએ તપાસમાં કોઈ રસ દાખવ્યો નથી જેથી રાજ્ય કક્ષાએથી સીધી તપાસ થાય તો મિશન મંગલમ્ યોજનામાં આવેલી ગ્રાન્ટોનો કેવી રીતે દુરૂપયોગ થયો છે..?? તેની સનસનીખેજ વિગતો સામે આવે.

## ભાજપ દ્વારા અરવલ્લી જિલ્લાની ત્રણ લાખ હેક્ટર જમીનને સુપોષિત બનાવવાનું અભિયાન

### ૧૩ એપ્રિલથી એક મહિના માટે ભાજપના કાર્યકરો અભિયાન આરંભશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

જમીન બિનફળદ્રુપ થઈ રહી છે ત્યારે વિશ્વના સૌથી મોટા રાષ્ટ્રીય પક્ષ ભાજપ દ્વારા અરવલ્લી જિલ્લામાં ૩ લાખ હેક્ટરથી વધુ જમીનને સુપોષિત બનાવી ખેડૂતો રાસાયણિક ખાતરનો ભરપૂર ઉપયોગ કરતાં હવે ધરતીમાંથી ઉત્પાદિત થતું અન્ન પણ એક ઝેર બની ગયું છે. જમીનો પણ બિનફળદ્રુપ બની છે. આ સંજોગોમાં ભાજપ દ્વારા દાયકાઓ અગાઉની



સજીવયુક્ત ખેતી તરફ વળે તે પ્રકારના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લા ભાજપ સંગઠન મંત્રી, બાયડ શહેર પ્રભારી વનિતાબેન પટેલે બાયડના વારેણા આશ્રમમાં ભાજપના કાર્યકરો, સંગઠન હોદ્દેદારો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, પાલિકાના ચૂંટાયેલા સભ્યો અને પદાધિકારીઓ સાથે સંકલનની બેઠકનું આયોજન કર્યું હતું જેમાં ભાજપ પક્ષે ધરતી માતાની સાથે ગૌ માતાનો પણ વિચાર કર્યો છે જે આપણા સૌનું અહોભાગ્ય છે.

દેશ સહિત રાજ્યમાં વધુ પાક મેળવવા માટેની લાલચમાં ખેડૂતોએ જેમ જ સજીવ ખેતી તરફ વળે તેવા પ્રયાસો સ્થાનિક સંગઠન મારફતે હાથ ધરાયા છે. તા.૭ એપ્રિલે બાયડમાં બાયડ તાલુકા અને બાયડ શહેર ભાજપ સંગઠનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી બેઠકમાં જિલ્લા ભાજપ સંગઠન મંત્રીએ જિલ્લાના ૬ તાલુકાના ૬૦૦ થી વધુ ગામડાઓના ખેડૂતો સમક્ષ જઈને તેમને સજીવયુક્ત ખેતી તરફ વાળવા અનુરોધ કરવાનું અભિયાન હાથ ધરવા હાકલ કરી હતી. ટૂંકમાં ભાજપ દ્વારા હવે ભૂમિ સુપોષણ અભિયાન હાથ ધરાતાં ખેડૂતો પણ ઉત્સાહીત જણાઈ રહ્યા છે.

## પ્રાંતવેલ જળાશયમાં મત્સ્ય ઉછેરના પ્રોજેક્ટમાં મોટાપાયે ગોબાચારી

### ૩ વર્ષની આવકમાં તળીયું, બોગસ બીલ મૂકી સબસીડી હજમ કરાયાના આક્ષેપ

બાયડ તાલુકાના પ્રાંતવેલ જળાશયમાં મત્સ્ય ઉછેર પ્રોજેક્ટમાં મોટાપાયે ગોબાચારી થયાની ફરિયાદ ઉઠી છે. છેલ્લા ૩ વર્ષમાં મત્સ્ય ઉછેર માટે આપવામાં આવેલી સબસીડી અને આવકનું સરવૈયું કાઢવામાં આવે તો અનેક ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે. મિશન મંગલમ યોજનામાં ખોટું કરનાર ટી.એલ.એમ. એ મત્સ્ય યોજના પ્રોજેક્ટમાં પણ બોગસ બીલ મૂકી સબસીડી હજમ કર્યાના આક્ષેપ સામે આવ્યા છે.

જિલ્લાના જળાશયોમાં મત્સ્ય ઉછેર માટે રાજ્ય સરકાર દ્વારા સબસીડી ચૂકવવામાં આવતી હોય છે. ઈજારદારોને મત્સ્ય ઉછેરનો ઈજારો આપ્યા પછી તેનું સીધું સંકલન તાલુકા કક્ષાએથી કરવામાં આવતું હોય છે જેમાં ૧ કરોડના પ્રોજેક્ટમાં સરકાર દ્વારા ૮૦ લાખની સબસીડી આપવામાં આવતી હોય છે પરંતુ કેટલાક જળાશયોમાં મત્સ્ય ઉછેરના નામે કૌભાંડ આચરવામાં આવી રહ્યાં છે. તાલુકાના પ્રાંતવેલ જળાશયમાં ૩ વર્ષથી આ પ્રોજેક્ટ ચલાવાઈ રહ્યો છે પરંતુ આવકના નામે તળીયું હોય તેવી સ્થિતિ બહાર આવી છે. મત્સ્ય ઉછેરના નામે તાલુકાના ભ્રષ્ટ અધિકારીઓએ બોગસ બીલો મૂકી યેનકેન પ્રકારે ખોટું કર્યાની ફરિયાદો જગજાહેર થવા લાગી છે. બાયડ તાલુકામાં અગાઉ મિશન મંગલમ્ યોજનામાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની વિગતો બહાર આવ્યા પછી તેનો રેલો અરવલ્લી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુધી પહોંચી શકે તેમ હતો પરંતુ તંત્ર દ્વારા ટી.એલ.એમ.ની બદલી મિશન મંગલમના ભ્રષ્ટાચાર ઉપર પડદો પાડવાનો પ્રયાસ કરાયો છે. મિશન મંગલમ્‌ની જેમ બાયડ તાલુકામાં પ્રાંતવેલ જળાશયના મત્સ્ય ઉછેર પ્રોજેક્ટમાં પણ બદલી કરાયેલ મહાશયની ભૂમિકા ભ્રષ્ટાચાર આચરવામાં અગ્રેસર હોવાની વિગતો બહાર આવી છે.

## બનાસકાંઠામાં કોરોના વિસ્ફોટ સૌથી વધુ ૪૬ કેસ નોંધાયા

### પાલનપુરમાં ૨૪, ડીસામાં ૨૧ અને વડગામમાં ૦૧ કેસ નોંધાયો

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે ફરી એકવાર કોરોનાનો વિસ્ફોટ થયો છે. બનાસકાંઠા જિલ્લામાં આજે કોરોનાના સૌથી વધુ ૪૬ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર ચિંતાજનક હદે વધી રહ્યો છે. જેમાં આજે જિલ્લામાં કોરોનાનો રાફડો ફાટતા વધુ ૪૬ કેસ કોરોના પોઝેટીવ આવ્યા હતા. જેમાં જિલ્લા મથક પાલનપુરમાં ૨૪ કેસ નોંધાયા હતા. જ્યારે વેપારી મથક ડીસામાં ૨૧ અને વડગામમાં ૦૧ કેસ નોંધાયો હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા મુખ્યાલય પાલનપુર તો કોરોનાનું હોટસ્પોટ બની ગયું છે. જ્યારે ડીસામાં પણ કોરોનાનો વ્યાપ વધતો જાય છે. ત્યારે વધતા જતા કોરોનાને લઈને પાલનપુરમાં તો આવશ્યક ચીજ વસ્તુઓ સિવાયના વેપારીઓએ શનિ-રવિએ સ્વૈચ્છીક લોકડાઉન પાળવાનો નિર્ણય કર્યો હોવાનું પાલિકા ના સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે ડીસાએ પણ પાલનપુરના માર્ગે ચાલી ત્રણ દિવસના લોકડાઉનનો નિર્ણય કર્યો છે.

## પ્રધાનમંત્રી સડક યોજના : જંત્રાલ, ઘોડનાલ, વજેપુરાકંપા, ચાંદરેજના રસ્તાના કામની તપાસની માંગ

### રસ્તાના નવીનીકરણમાં ટેન્ડર મુજબ કામ થતું નથી, ભાજપના અગ્રણીનો આક્ષેપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડ તાલુકાના જંત્રાલ-ઘોડનાલ-વજેપુરાકંપા-ચાંદરેજને પણ ગુણવત્તા વગરનું કામ થયાનું ભાજપના આગેવાને આક્ષેપ કરતાં હલચલ મચી છે. કામોમાં નિયમો નેવે મૂકીને કામ થઈ રહ્યાના આક્ષેપો હજુ શમ્યા નથી ત્યાં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ થઈ



જોડતા રસ્તાનું પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ રસ્તો પહોળો કરવો અને નવીનીકરણનું કામ શરૂ થયું છે પરંતુ એજન્સી ટેન્ડર મુજબ કામ કરતી નથી. રોડ વાઈડરીંગ કામમાં

બાયડ તાલુકામાં થઈ રહેલા વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર આદરાતો હોવાની ફરિયાદો ધીરે ધીરે સામે આવી રહી છે. બાયડ તાલુકા પંચાયત દ્વારા થતા અનેક રહેલા રોડના કામોમાં ગંભીર આક્ષેપ થયો છે. તાલુકામાં થઈ રહેલા રસ્તાના કામોમાં ઓછો ડામર વપરાઈ રહ્યો છે અને સરકારી બાબુઓ તેમાં પોતાનો લાભ જોઈ રહ્યા છે.

બાયડ તાલુકા ભાજપના અગ્રણી અદેસિંહ ચૌહાણે આક્ષેપ કર્યો છે કે અમારા વિસ્તારમાં થઈ રહેલા પ્રધાનમંત્રી સડક યોજનાના કામની અત્યારથી જ તપાસ થવી જોઈએ. સરકાર છેવાડાના ગામડાઓને સુવિધાયુક્ત રોડ મળે તે માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે પરંતુ કોન્ટ્રાક્ટર અને સરકારી બાબુઓની મીલીભગતના કારણે રોડ તૈયાર થયા પછી ગણતરીના દિવસોમાં જ તહસ નહસ થઈ જાય છે. સદર રોડમાં થયેલા વાઈડરીંગ કામમાં યોગ્ય મટીરીયલ્સ વપરાયું છે કે કેમ..?? ટેન્ડરની શરતો પ્રમાણે કામ થઈ રહ્યું છે..?? તેની તપાસ થવી જોઈએ. જિલ્લા તંત્ર તપાસ નહીં કરે તો આ અંગે રાજ્ય સરકારમાં ફરિયાદ કરીશું તેમ જણાવ્યું છે.

## કોરોના કોર્નર

- રાજ્યના મંત્રીઓની સુરક્ષા સંભાળતા ૧૭ કમાન્ડો કોરોનાથી સંક્રમિત
- રાજ્યમાં રેમેડસિવિર ઈન્જેક્શનનો ૩૫૦૦૦નો જથ્થો સાંજ સુધીમાં ગુજરાત પહોંચ્યો.
- મુખ્યમંત્રી કાર્યાલયમાં જનસંપર્ક અધિકારી ઉદય વૈષ્ણવ કોરોનાથી સંક્રમિત.
- નાયબ મુખ્યમંત્રીના બે કમાન્ડો અને વર્ગ-૪ ના એક કર્મચારી કોરોનાથી સંક્રમિત થયા.
- તાપી જિલ્લાના ભાજપના નેતાનું કોરોનાથી મૃત્યુ.
- મહારાષ્ટ્ર વિશ્વમાં કોરોનાના કેસમાં ત્રીજા નંબરે, છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૪૬૯ નવા કેસ નોંધાયા.
- કોરોનાની બીજી લહેર બાળકો માટે ઘાતક બની છે.
- અરવલ્લી અને રાજકોટમાં કર્મચારીઓની રજા રદ કરાઈ.
- મોરબી સિવિલ હોસ્પિટલમાં પૂર્વ ધારાસભ્ય કાંતિ અમૃતીયા અને કલેક્ટર જે.બી. પટેલ વચ્ચે કોરોનાના દર્દીઓની સારવાર અંગે ઉગ્ર બોલાચાલી.
- વેક્સીનના બે ડોઝ વચ્ચે અઢીથી ત્રણ માસનો ગાળો ૯૦ ટકા સફળતા અપાવે છે.
- અમદાવાદ શહેરમાં ખાનગી હોસ્પિટલોના ૮૧ ટકા બેડ ભરાઈ ચુક્યા છે.
- મુખ્યમંત્રી રૂપાણીના પરિવારમાં મોટાભાઈ સહિત ઘરના ૫ સભ્યો કોરોનાથી સંક્રમિત.
- ત્રિપુરાના મુખ્યમંત્રી બીપ્લવકુમાર દેવ કોરોનાથી સંક્રમિત થયા.
- કારમાં એકલા હશો તો પણ માસ્ક પહેરવો ફરજિયાત છે એવો દિલ્હી હાઈકોર્ટનો આદેશ.
- ગુજરાત યુનિવર્સિટીની ૧૨ થી ૨૩ એપ્રિલ દરમિયાન યોજાનાર તમામ પરીક્ષાઓ મોકુફ રખાઈ.
- ત્રિમંદિર દાદા ભગવાન ટાઉનશીપમાં ૩ આંકડામાં કોરોનાના દર્દીઓ હોવાની બિનસત્તાવાર ચર્ચાઓ.
- રાજકોટમાં ૫૦૦થી વધુ બાળકો કોરોનાથી સંક્રમિત.
- અમેરિકામાં ૧૮ વર્ષથી ઉપરના દરેક વ્યક્તિને કોરોનાની રસી અપાશે.
- પંજાબમાં પણ આજથી રાત્રી કરફ્યુ.
- મુંબઈમાં તમામ બીચ પર્યટકો માટે ૩૦મી સુધી બંધ કરવા આદેશ.
- મહારાષ્ટ્રમાં વીકએન્ડ લોકડાઉન સામે વેપારીઓ રોડ ઉપર ઉતર્યા.
- ૧૧મી એપ્રિલથી વ્યવસાયના સ્થાનો પર વેક્સીનેશન કરાશે.
- છત્તીસગઢના રાયપુરમાં ૧૧ દિવસનું સંપૂર્ણ લોકડાઉન.
- કરફ્યુ કે લોકડાઉન લગાવાશે તો પણ ખેડૂતોએ આંદોલન ચાલુ રાખવાની તૈયારી કરી.
- રાજ્યના તમામ પોલીસ કર્મીઓની રજાઓ રદ કરાઈ.
- જામનગરમાં ૨૩ કલાકમાં ૨૯ ના મોતની ચર્ચા.
- રાજકોટમાં દર ચાર મિનિટે એક એમ્બ્યુલન્સનો કોલ.

## સુરતમાં કોરોના વેક્સિનનો જથ્થો ખૂટી પડતા તંત્ર દોડતુ થયું

### એક દિવસ માટે રસીકરણની કામગીરી ઠપ : મનપા દ્વારા કોરોના સામેની લડાઇમાં મહત્ત્વના એવા કોરોનાના વેક્સિનને મૂકવાની ગતિ એકદમ વધારી દીધી છે

સુરત,તા.૭

પાલિકા પાસે વેક્સિનનો પૂરતો સ્ટોક ન હોવાને કારણે આજે શહેરના તમામ વેક્સિનેશન સેન્ટરને બંધ રાખવાનો નિર્ણય લીધો છે. હાલ સુરત મહાનગર પાલિકા પાસે ૧૧ હજાર વેક્સિનનો સ્ટોક છે, જેથી વેક્સિન માટે આવનારા લોકોને તકલીફ ન પડે તે માટે બુધવારે તમામ સેન્ટરોને બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બુધવારે બપોર પછી અંદાજે ૨ લાખ રસીનો સ્ટોક આવી જશે તેથી ફરીથી વેક્સિનેશન સેન્ટરોને ફરીથી ચાલું રાખવાની સૂચના આપવામાં આવશે. સુરત મનપા દ્વારા કોરોનાના સંક્રમણ સામેની લડાઈમાં મહત્ત્વના એવા કોરોનાના વેક્સિનને મૂકવાની ગતિ એકદમ વધારી દીધી છે. મનપા દ્વારા રોજના ૩૫ હજારથી વધુ લોકોને વેક્સિન મૂકવામાં આવી રહી છે. ત્યારે મનપા દ્વારા જે ઝડપથી વેક્સિન મુકાઇ રહી છે તેની સામે પૂરવઠાની ગતિ ધીમી હોવાથી સુરતમાં ઝડપથી વધુમાં વધુ લોકોને વેક્સિન મૂકવાનો લક્ષ્યાંક પૂરો કરવામાં તફલીફ પડી રહી છે. રવિવારે વેક્સિનનો ઓછો જથ્થો અને સમયસર ડિસ્ટ્રિબ્યુશનના અભાવે અનેક સેન્ટરો પર વેક્સિન મૂકી શકાય નહોતી. તો ઘણી જગ્યાએ બપોરે ૧૧ વાગ્યા પછી વેક્સિન મૂકવાનું શરૂ થતાં હાજર લોકોને પાછા જવું પડ્યું હતું. ત્યારે મંગળવારે પણ ૨૬ હજાર લોકોને વેક્સિન મુકાયા બાદ સાંજ સુધીમાં માત્ર ૧૨થી ૧૩ હજાર ડોઝ બચ્યા હોવાથી મનપા દ્વારા બુધવારે વેક્સિનેશન બંધ રાખવા નિર્ણય લીધો છે. મનપાના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, જો વેક્સિનેશન ચાલુ રખાય તો રોજના જે ૩૦ હજારથી વધુ લોકો વેક્સિન મૂકવા આવે છે તેમાંથી અડધાએ પરત જવું પડે. અથવા અડધા દિવસ બાદ વેક્સિનેશન બંધ કરવું પડે. આવું ના થાય અને લોકોને ખોટે ધક્કો ના પડે એ માટે એક દિવસ વેક્સિનેશન બંધ રાખાવાનું નક્કી કરાયું છે. બુધવારે સાંજ સુધીમાં નવા ૨ લાખ ડોઝનો જથ્થો સુરત મનપાને મળી જશે અને ગુરુવારે રાબેતા મુજબ વેક્સિનેશન ચાલુ કરી દેવાશે. ઉલ્લેખનિય છે કે શહેરમાં રોજ સરેરાશ ૩૫ હજાર લોકોને કોરોનાની રસી મુકવામાં આવે છે. રવિવારે પણ અડાજણ, કતારગામ, વરાછા, અઠવા, રાંદેર, લિંબાયત સહિતના અનેક રસીકરણ કેન્દ્રો ખાતે રસીનો જથ્થો ખુટી પડ્યો હતો. પરિણામે અંદાજે ૩૦ હજારથી વધુ લોકોને પાછા ફરવાનો વારો આવ્યો હતો. કેટલાક કેન્દ્રોમાં તો ૪૫ વર્ષથી ઓછી વયની વ્યક્તિને રસી અપાતી હોવાનું ધ્યાને આવ્યું હતું, તે બાદમાં પાલિકા દ્વારા બંધ કરાવવામાં આવ્યુ હતું.

### કોરોના બેકાબુ... ● છેલ્લા પાનાનું ચાલુ

આજે સંક્રમિત થનારાઓમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ઓફિસ આસિસ્ટન્ટ, જીઈબીના ૨ કર્મયોગી, સરકારી પ્રેસના કર્મયોગી, શિક્ષણ વિભાગનો કર્મયોગી, એક મીઠાઈની દુકાનનો કર્મયોગી, ડ્રાયવર, સિનીયર ક્લાર્ક, સેન્ટ્રલ યુનિ.નો કર્મયોગી, વેપારી તેમજ મોટર ગેરેજનો ટેકનીશ્યનનો સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસો મળવાના શરૂ થયા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા અત્યાર સુધીમાં ૪૧૦૦થી વધુ થઈ ગઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૩૦ અને સે. ૧૬ માં ૪-૪ કેસ, સે. ૨૨, ૨૬, ૩, બોરીજ અને સે. ૧૫ માંથી ૩-૩ કેસ, સે. ૨૧, ૨, ૧૭, સે. ૧૪, સે. ૬ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૪, ૨૦, ૧૯ અને સે. ૨૫ માંથી પણ કેસ મળ્યા છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૪૨૨ પર પહોંચી છે. શહેર માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૪૫૧ જેટલી હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં આજે ૬૧૮ લોકો સહિત પાંચ હજારથી વધુને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

મનપાતંત્રએ મોટી વયના લોકોને અનિવાર્ય ના હોય તો બહાર ન નીકળવા અપીલને દોહરાવી છે તેમજ માસ્ક ફરજીયાત પહેરવા માટેનો પણ નગરજનોને અનુરોધ કર્યો છે.

## સાબરકાંઠા, અરવલ્લીના જળાશયોમાંથી દૈનિક ત્રણ મીલીયન ઘનફૂટ પાણીનું બાષ્પીભવન

### ગરમીનો પ્રકોપ વધતાં પાણીની સપાટી ઘટવા લાગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

આકાશમાંથી અગનગોળા વછૂટતાં એપ્રિલ



માસના આરંભે ગરમી પ્રકોપ વધ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નદી, તળાવ અને ચેકડેમ સૂકાભઠ્ઠ બની ગયા પછી હવે મોટા જળાશયોમાંથી પાણી ઓસરવા લાગ્યાં છે. જિલ્લાના ૧૦ જળાશયોમાં ગરમી પ્રકોપના લીધે સરેરાશ રોજ ૩ મીલીયન ઘનફૂટ પાણીનું બાષ્પીભવન થઈ રહ્યું છે. સિંચાઈ અને પીવાના પાણી માટે ક્રમશઃ છોડવામાં આવતા પાણી અને જળાશયોમાં દૈનિક થતા પાણીના ઘટાડાના આંકડાના આધારે વરાળ બનીને ઉડી જતા પાણીનો અંદાજ લગાવાયો છે. જો કે જળાશયમાંથી બાષ્પીભવન થતા પાણીનો સચોટ આંક તો ડેમ સૂત્રો પાસેથી પણ મેળવી ન શકાય તેવી સ્થિતિ છે.

જિલ્લાના જળાશયોમાં આવતા ચોમાસા સુધી પાણી ન ખૂટે તેટલો જથ્થો સંગ્રહીત હોવાનું તંત્ર ખોંખારીને બોલી રહ્યું છે પરંતુ આકાશમાંથી ગરમીનો કહેર વરસવા લાગતાં જીવાદોરી સમાન ગણાતા જળાશયોમાં પાણીની સપાટી સતત ઘટી રહી છે. ઉનાળાના આરંભથી જિલ્લામાં પીવાના પાણીનું સંભવિત સંકટ જણાતાં નવા બોર અને હેન્ડપંપ તૈયાર કરવા માટે તંત્રએ આગોતરૂ આયોજન કરી લીધું છે પરંતુ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં આયોજનના અભાવે પ્રજા પીવાના પાણી માટે ઠેર ઠેર ભટકી રહી છે. તાપમાનનો પારો ઉંચકાયા પછી જળાશયોમાં પાણીનું બાષ્પીભવન ઝડપથી થઈ રહ્યું છે જેના કારણે તમામ ૧૦ જળાશયોની પાણીની સપાટી ઘટવા લાગી છે. ગત ચોમાસામાં ઉપરવાસમાં વરસેલા સાર્વત્રિક વરસાદના કારણે જિલ્લાના જળાશયોમાં પાણીની મહત્તમ આવક થતાં તેનો સિંચાઈના રૂપમાં ફાયદો થયો છે પરંતુ હવે કાળઝાળ ઉનાળામાં જળાશયોની સ્થિતિ ચિંતાજનક બનવા જઈ રહી છે. મોટાભાગના જળાશયોમાંથી દૈનિક ૩ મીલીયન ઘનફૂટ પાણી ગરમીમાં બાષ્પીભવન થઈ રહ્યું છે. અસહ્ય ગરમીમાં પાણીનું વરાળ થઈ ઘટવું અને જમીનમાં શોષાતા પાણીને અટકાવવા માટે તંત્ર પણ લાચાર છે. આ ઉપરાંત કુદરતી પ્રક્રિયા અને સિંચાઈ તેમજ પીવાના પાણી માટે આયોજન કરવું પણ આગામી દિવસોમાં અઘરૂ થઈ શકે છે.